**ગુજરાત વિદ્યુત નિયમન આયોગ,**

**છઠો માળ, ગિફ્ટ વન, રોડ ૫-સી, ઝોન-૫, ગિફ્ટ સીટી, ગાંધીનગર ૩૮૨ ૩૫૫ ની સમક્ષ**

**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ**

**જાહેર વિજ્ઞપ્તિ**

નીચેના સંદર્ભમાં:

ઉપરોક્ત અરજદાર ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, વિસનગર રોડ, મહેસાણા - ૩૮૪ ૦૦૧ દ્વારા કેઇસ નં. ૧૬૨૨/૨૦૧૬ થકી નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ સમક્ષ વર્ષ ૨૦૧૫-૧૬ ના ટ્રુ-અપ, વર્ષ ૨૦૧૬-૧૭ થી વર્ષ ૨૦૨૦-૨૧ માટે વાર્ષિક રાજસ્વની જરૂરીયાત મંજૂર કરવા, વર્ષ ૨૦૧૬-૧૭ ની નિર્ણાયક રાજસ્વની જરૂરીયાત મંજૂર કરવા તથા વર્ષ ૨૦૧૭-૧૮ માટે વીજદર નક્કી કરવાની દરખાસ્ત ગુજરાત વિદ્યુત નિયમન આયોગ (બહુવર્ષીય ટેરીફ માળખુ) જાહેરનામુ ૨૦૧૬ અંતર્ગત કરેલ છે.

**અરજદાર**

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ (યુ.જી.વી.સી.એલ.), વિસનગર રોડ, મહેસાણા - ૩૮૪ ૦૦૧ , એ રાજયના ઉત્તર ક્ષેત્રમાં વીજ વિતરણની કામગીરી સંભાળતી કંપની છે.

**દરખાસ્ત**

કંપની દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટે ટ્રુ-અપ, નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ થી વર્ષ ૨૦૨૦-૨૧ માટે બહુવર્ષિય વીજદર નિયમનો હેઠળ વાર્ષિક રાજસ્વની જરૂરીયાત મંજૂર કરવા તથા વર્ષ ૨૦૧૭-૧૮ ના વીજદર નક્કી કરવાની દરખાસ્ત કરેલ છે. વર્ષ ૨૦૧૭-૧૮ની આવક અંદાજવા માટે વર્ષ ૨૦૧૫-૧૬ માટે થયેલ ખરેખર વીજળીની ખરીદીના ભાવને આધારે, એફપીપીપીએ થકી આવક રૂા.૧.૪૩ પ્રતિ યુનિટ ગણતરી કરી આકારેલ છે. વર્ષ ૨૦૧૭-૧૮ માટે હયાત વીજદરમાં કોઇ ફેરફાર સૂચવેલ નથી.

**સૂચનો / વાંધાઓ રજૂ કરવાની માર્ગદર્શિકા:**

ઉપરોક્ત બાબતે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (કાર્ય સંચાલન અને વેપાર) જાહેરનામુ ૨૦૦૪ ની જોગવાઇની રૂએ આથી સંબંધીત વ્યકિતઓ/સંસ્થાઓ વિગેરે પાસેથી ઉપરોકત દરખાસ્ત પરત્વે સુચનો તથા વાંધાઓ મંગાવવામાં આવે છે, જે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગની કચેરીમાં સચિવશ્રી, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, છઠો માળ, ગિફ્ટ વન, રોડ ૫-સી, ઝોન-૫, ગિફ્ટ સીટી, ગાંધીનગર ૩૮૨ ૩૫૫ ને તારીખ ૦૭.૦૧.૨૦૧૭ સુધીમાં પ્રમાણીત મુસદા પ્રમાણે સોગંદનામું કરીને પાંચ નકલમાં મોકલી આપવાના રહેશે.તથા તેની એક નકલ નીચે સહી કરનારને પહોંચતી કરવાની રહેશે. સુચનો/વાંધાઓ નોંધાવનાર આસામીએ તેમની રજુઆતો સાથે સંબંધીત પ્રમાણભુત દસ્તાવેજો પણ રજુ કરવાના રહેશે અને તેઓ રૂબરૂ રજૂઆત કરવા ઇચ્છે છે કે કેમ તે દર્શાવવાનુ રહેશે.

**દરખાસ્તની નકલ મેળવવા માટે:**

ઉપરોક્ત દરખાસ્તની નકલો ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, વિસનગર રોડ, મહેસાણાની વડી કચેરીમાંથી મુખ્ય ઇજનેર પાસેથી અથવા તો ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની અધિક્ષક ઇજનેર વર્તુળ કચેરીમાંથી જરૂરી રકમ ભરપાઇ કરવાથી મળી શકશે. સંબંધીત દસ્તાવેજો ખરીદવા માટે કિંમત રૂા ૧૯૫/- (રૂા.એકસો પંચાણું પૂરા) પ્રતિ નકલ નક્કી કરવામાં આવી છે.

ટપાલથી નકલ મેળવવા માટે નકલ દીઠ ટપાલ ખર્ચ પેટે રૂા.૫૦/- (રૂા. પચાસ પુરા ) વધારાના સહિતની રકમ મનીઓર્ડર અથવા ડીમાન્ડ ડ્રાફ્ટથી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના નામે મોકલવાના રહેશે.

ઉપરોક્ત દસ્તાવેજો કંપનીની વેબ સાઇટ www.guvnl.com તથા www.ugvcl.com ઉપરથી પણ મેળવી શકાશે.

તારીખ: ૦૮.૧૨.૨૦૧૬ (બી.એ.શાહ) આઇ.એ.એસ.

સ્થળ: મહેસાણા એમડી(યુજીવીસીએલ)